# અધિકારોથી વંચિત અસરગ્રસ્ત ખેડૂતોની હાલત દયાજનક

**અમારી જમીન પર બંગલા બંધાયા અને અમે એમાં ઘરકામ કરીને ગુજરાન ચલાવીએ છીએ : આના કરતા મોતને ભેટવુ સારૂ ! : રાજધાની અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળ**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરની ઓળખ ગ્રીનસીટી તરીકે થઈ ચુકી છે. સાથે નગરમાં ઘણા વિકાસના કાર્યો પણ થઈ રહ્યા છે. ત્યારે ગાંધીનગરના અસરગ્રસ્ત ખેડૂતોની તેમના અધિકારો માટેની વારંવાર રજૂઆત છતાં તંત્ર દ્વારા કોઈ પગલા લેવામાં આવ્યા નથી. સ્થિતિ અત્યંત એવી છે કે તેઓ પરિવાર સાથે ઈચ્છા મૃત્યુની માંગણી કરવાના છે.

નગરના રાજધાની અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળના અસરગ્રસ્ત ખેડૂતો દ્વારા ૧૯૬૮ની તેમના હક્ક અને અધિકારની લડત ચાલી રહી છે ત્યારે સંસ્થાના પ્રમુખ લાલભાઈ પટેલ જણાવે છે કે અમારી અસરગ્રસ્ત ખેડૂતોની ત્રણ પેઢી નીકળી ગઈ અને લડત આપતી રહી છતાંય હાલની પેઢી પણ હક અને અધિકારથી વંચિત રહી છે. અમારા અસરગ્રસ્ત ખેડૂતોના વડવાઓએ રાજ્યના વિકાસ, રાજ્યને નવા પાટનગર બનાવવા અર્થે પ્રશાસનીક વ્યવસ્થા ઉપર અને બંધારણીય અધિકારો ઉપર વિશ્વાસ રાખી અમારી જમીનોને અમે આપી હતી. અને ઘણા પ્રશાસનીક દ્વારા કરોડોની જમીનનો વહીવટ કરવામાં આવ્યો છે પરંતુ તેમણે ક્યારેય એ ધ્યાનમાં ન લીધુ કે મૂળ ખેડૂતો જેઓએ નગરના વિકાસ માટે આ જમીન આપેલી છે તેમની આજની પેઢી મતદાન કરવા સિવાયના દરેક મૂળભૂત અધિકારોથી વંચિત છે. આ ઉપરાંત સમાજ શિક્ષણના અધિકારથી પણ અમે વંચિત છીએ. અને હવે અમે ખેડૂતોએ પોતાની જે જમીનો પાટનગરને આપી ત્યા બનેલા સરકારી/બિન સરકારી આવાસોમાં આજની પેઢી એ ઘરકામ કે મજૂરીકામ કરવા જવાનો વારો આવ્યો છે. સંસ્થાવતી તેઓ વધુમાં જણાવે છે કે અમે સૌ અસરગ્રસ્તોને પ્રશાસનીક-વ્યવસ્થા ઉપર ભરોસો હતો કે ગમે ત્યારે અમને અમારા હક્ક અને અધિકાર મળશે અને અમારા પણ જીવનધોરણમાં સુધારો થશે પરંતુ આજ દિન સુધી તંત્ર દ્વારા કોઈ પગલા લેવામાં આવ્યા નથી.

નગરના અસરગ્રસ્ત ખેડૂતોએ ભોગવવી પડતી તમામ સમસ્યા સાથે તેમના હક અને અધિકારની લડાઈ લડતા લડતા તેઓએ કરાવીને પરિવાર સાથે ગુજરાત ઉચ્ચ ન્યાયાલયમાં ઈચ્છા મૃત્યુની માંગણી કરશે. તેમ રાજધાની અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળ ગાંધીનગર દ્વારા જણાવાયુ છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિની બેઠક ૧૬મીના રોજ સવારે ૧૧ વાગે જિલ્લા પંચાયત ખાતે મળશે.
- ગુડાની બોર્ડ બેઠક ૧૬મીના રોજ બોલાવવામાં આવી છે. જોકે એજન્ડાના મુદ્દાઓ અંગે ગુડા સત્તાવાળાઓએ મૌન સેવવાનું પસંદ કર્યુ છે.
- ગાંધીનગર જિલ્લામાં કુપોષણ નાબુદી અભિયાનને લઈ આજે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષપદે બેઠક મળશે. જેમાં નીતિ આયોગના માપદંડો અને અમલીકરણ અંગે ચર્ચાઓ થશે.
- જિલ્લા કલેક્ટર કુલદીપ આર્ય આજે સાંસદ આદર્શ ગ્રામ તરીકે સૂચિત થયેલા રામનગર અને બિલેશ્વરપુરાની મુલાકાતે જવાના છે.
- વેધર વોચ ગૃપની આજે ઓનલાઈન બેઠક યોજાઈ હતી.
- આજે સચિવાલયમાં સાંસદો અને ધારાસભ્યો તેમના પ્રશ્નોની રજુઆત માટે મોટી સંખ્યામાં નજરે પડ્યા હતા. પંચાયતોની આવી રહેલી ચૂંટણીને ધ્યાને રાખી પ્રશ્નો ઝડપથી ઉકેલવા માટે રજુઆતો કરતા આ સભ્યો જોવા મળ્યા હતા.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



હમણાં આપેલા વીસ લાખ કરોડ... દારૂમાં વાપરી નાખ્યા લાગે છે...!!

# સે-૨ ૨ના પ્લોટમાં કૌભાંડ બહાર આવતા પ્લોટ ખાલસા કરાયો

**રહેણાંકના પ્લોટમાં કોર્મશિયલ બાંધકામ : હેતુફેર હોવાછતા અલ્હાબાદ બેંકે એક કરોડની લોન આપી : આખરે સમગ્ર મામલો કલેક્ટર સમક્ષ આવતા પ્લોટ નં-૫૩૮ : ૨ ને કલેક્ટરે સીલ માર્યુ**

ગાંધીનગર તા ૧૪

સે-૨૨ માં સ્થિત ૧૫૦ મીટરનો પ્લોટ આખરે ખાલસા કરવામાં આવ્યો છે. મિલ્કત સંબંધે થયેલા કૌભાંડના લીધે કલેક્ટર દ્વારા સીલ કરવામાં આ પ્લોટ પર મુળ કબજેદારે રહેણાંક અને કોર્મશિયલ બાંધકામ કરીને મિલ્કત વેચી દીધી હતી. જયારે આ મામલે કબજેદારોને જાણ પણ કરી ન હતી જયારે અલ્હાબાદ બેંકમાં મિલીભગતના આધારે એક કરોડ રૂપિયાની લોન પણ લઈ લીધી હતી. જયારે લોનની ચુકવણીમાં લોચા પડતા આખરે આ મામલે કલેક્ટર સમક્ષ પહોંચ્યો હતો. નિયમોનો ભંગ થતો હોવાછતા બેંકે લોન આપી હતી અને આ મિલ્કતની હરાજી કરાવી હતી. સમગ્ર કૌભાંડ જિલ્લા કલેક્ટરને ધ્યાને આવતા આ મિલ્કત આખરે ખાલસા કરી દેવામાં આવી છે સે-૨૨માં રહેણાંકના હેતુસર ફાળવવામાં આવેલા પ્લોટ નં - ૫૩૮: ૨ ઉપર કોર્મશિયલ બાંધકામ કરીને અન્યને વેચી દેવાના મામલે પ્રાપ્ત થતી વિગત અનુસાર મયુર ગાંડાભાઈ પટેલના દાદીએ પણ મિલ્કતમાં બાંધકામ કરવામાં આવેલ બે ફ્લેટ પૈકી એક ફ્લેટ મુળ કબજેદાર પાસેથી ખરીદ્યો હતો જયારે આ પ્લોટ વર્ષ ૧૯૯૫ માં સરકારે નટવરભાઈ અંબારામને રહેણાંકના હેતુ માટે ફાળવ્યો હતો જયારે આ પ્લોટમાં ચાર દુકાનો અને તેની ઉપર ફ્લેટનુ બાંધકામ કર્યુ હતુ જયારે આ મિલ્કત તેમણે વર્ષ ૧૯૯૬ દરમિયાન વેચાણથી આપી દીધી હતી. જયારે આ મિલ્કતમાં મયુર પટેલના દાદી દીવાબેન તેમજ નટવરભાઈ જીવાભાઈ પટેલ પણ ખરીદારીમાં હતા જયારે વેચાણ થયેલી મિલ્કત હોવાછતા અલ્હાબાદ બેંકમાં ગીરવે મુકીને અકે કરોડની લોન લીધી હતી. જયારે આ લોન મામલે મિલ્કત ખરીદનારને પણ જાણ કરી ન હતી. રહેણાંકને હેતુ માટે લીધેલી મિલ્કતમાં દુકાનો બાંધી હેતુફેર કરાયો હતો. પરંતુ આ સ્થિતિ વચ્ચે બેંકના અધિકારીઓએ પણ સ્થળ તપાસ વગર જ લોનને મંજુર કરી દીધી હતી. આ સંજોગોમાં બેંકની લોનની ચુકવણી ન થતા બેંકકક્ષાએથી મિલ્કતની હરાજી માટે મામલતદાર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી જેમાં રજુ થયેલા પુરાવાના આધારે મામલતદારે ઈવીકશન કાર્યવાહી હાથ ધરી મિલ્કત ખાલી કરાવી હતી. મિલ્કતની બેંક દ્વારા હરાજીની પ્રક્રીયા હાથ ધરાતા આ હરાજીમાં અગાઉ મિલ્કત ખરીદનાર નટવરભાઈ જીવાભાઈ પટેલે બોલી લગાવી મિલ્કત ખરીદી હતી. ત્યારબાદ મિલ્કતમાં નામ દાખલ કરવા માટે કલેક્ટર કચેરીમાં અરજી કરી હતી. ત્યારે મિલ્કતમાં એક ફ્લેટ ખરીદનાર દિવાબેન પટેલના પૌત્ર મયુર પટેલે આ મામલે કોર્ટ રાહે કાર્યવાહી હાથ ધરી હતી. આ મામલો કલેક્ટર સુધી પહોંચતા મિલ્કત મેળવવા માટે આચરવામા આવેલ કૌભાંડ પ્રકાશમાં આવ્યુ હતુ. જેના અંતે કલેક્ટર દ્વારા મિલ્કત ખાલસા કરવાનો આદેશ કરાયો છે.

## ડભોડામાંથી જુગાર રમતા ૬ જુગારી ઝડપાયા

ગાંધીનગર,તા.૧૪

ડભોડા ગામમાંથી જુગાર રમતા ૬ જુગારી પોલીસના હાથે ઝડપાયા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૫૩૦ રોકડા જપ્ત કરી તમામ સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડભોડા ગામના વણકરવાસ ખાતે જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસે રેઈડ પાડીને જુગાર રમી રહેલા ગૌરવકુમાર ધનજીભાઈ પરમાર (ઉં.૩૭), કાનજીભાઈ કુશભાઈ પરમાર (ઉં.૫૫), રવિકુમાર સોમાભાઈ વૈશ્ક (ઉં.૪૦), મહેશભાઈ નરસિંહભાઈ પરમાર (ઉં.૫૦) અલ્પેશ મંગળદાસ પરમાર (ઉં.૩૫), વિજયભાઈ મંગળભાઈ પરમાર (ઉં.૪૩) ને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રોકડા રૂ.૧૫૩૦ જપ્ત કરી આગળની તપાસ શરુ કરી છે.


## બસમાં મુસાફર પાસેથી ૧૪ બોટલ દારૂ ઝડપાયો

ચિલોડા પોલીસને ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી હિંમતનગરથી ચિલોડા આવી રહેલી બસમાંથી એક અંધ મુસાફર પાસેથી વિદેશી દારુની ૧૪ બોટલ મળી આવી હતી. મળતી માહિતી મુજબ ચિલોડા પોલીસ વાહન ચેકીંગ કરી રહી હતી તે દરમિયાન બસ આવી હતી અને બસમાં તપાસ કરી હતી. જેમાં એક મુસાફરના ખોળામાં એક થેલો અને પગ નીચે એક થેલો હતો. જેથી પોલીસે તે મુસાફરનું નામ પુછતા કુમાર સુરજ મેવાલાલ સોની (ઉં.૪૧ કે.કે.શાસ્ત્રીનગર અમદાવાદ) હોવાનુ સામે આવ્યું હતું.પોલીસને તે દષ્ટિહીન હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે થેલા ચેક કરતા તેમાંથી દારુની ૧૪ બોટલ મળી આવી હતી. જેથી પોલીસે કિં.રૂ.૮,૧૯૦ની કિંમતનો દારુનો જથ્થો જપ્ત કરીને આરોપી સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી તે દારુનો જથ્થો કયાથી લાવ્યો હતો અને કોને આપવાનો હતો તેની તપાસ હાથ ધરી છે.

# સુનિતા યાદવ અને ફરી લૉકડાઉન, આ બે મુદ્દા ટૉક ઓફ ધ ટાઉન

ગાંધીનગર, તા.૧૪

શહેરમાં જે રીતે કોરોના પોઝિટિવ કેસોમાં વધારો થઈ રહ્યો છે તે જોતા ફરી લૉકડાઉન આવશે કે કેમ તે અંગે નાગરિકોમાં ચર્ચાએ જોર પકડયું છે. બીજી તરફ શહેરમાં કોન્સ્ટેબલ સુનિતા યાદવનો કિસ્સો પણ 'ટૉક ઓફ ધ ટાઉન' બનેલો છે અને ચાની કિટલીઓ-પાનના ગલ્લેથી માંડીને મોટી ઓફિસો કે દુકાનોમાં પણ આ મુદ્દે નાગરિકો એકબીજા સાથે ચર્ચા કરતાં જોવા મળી રહ્યા છે.



પાટનગરમાં બે બે ત્રણ દિવસથી લૉકડાઉન અને સુનિતા યાદવ સૌથી વધુ ચર્ચાના મુદ્દા બન્યા છે. એક તરફ કોરોના પોઝિટીવ કેસોમાં સતત ઉછાળો આવી રહ્યો છે અને ગાંધીનગર જિલ્લામાં કેસોની સંખ્યા ૧ હજારને પાર ચાલી ગઈ છે. દરરોજ શહેર અને જિલ્લામાં ડબલ ફિગરમાં કેસો આવી રહ્યા છે તેની સાથે અનેક નાગરિકોનું માનવું છે કે તંત્ર હજુ પણ કેસોની સંખ્યા ઓછી દર્શાવી રહ્યું છે. પરંતુ હકીકતમાં કેસો જે દર્શાવાઈ રહ્યા છે તેના કરતા વધુ છે. દેશમાં કેટલાંક રાજયોમાં સતત કેસો વધવાને કારણે ફરીવાર લૉકડાઉન લાગુ પાડવું પડયું છે તે આધારે નાગરિકો ગુજરાતમાં પણ ફરી લૉકડાઉન લાગુ પડશે તેવું માની રહ્યા છે. અમદાવાદમાં જયાં કેસોની સંખ્યા પર કાબુ આવ્યો છે ત્યાં સુરતમાં કેસો સતત વધી રહ્યા છે જે ચિંતાજનક બન્યું છે. આમ તો સરકારે ફરી લૉકડાઉન લાગુ કરવાની કોઈ યોજના નથી તેવો સ્પષ્ટ અભિપ્રાય આપી દીધો હોવા છતાં શહેરમાં ચૌરે ને ચૌટે આ ચર્ચાએ જોર પકડયું છે કે વહેલું મોડું ફરી લૉકડાઉન આવશે જ અને તે નવા સ્વરૂપે આવશે.

બીજી તરફ સુરતમાં રાત્રિ સમયે બંદોબસ્ત દરમિયાન લેડી કોન્સ્ટેબલ સુનિતા યાદવ દ્વારા રાજય આરોગ્યમંત્રી કિશોરભાઈ કાનાણીના પુત્રને કાયદો તોડવા બદલ અટકાવવા સંદર્ભે ચકચારી બનેલો કિસ્સો પણ શહેરમાં અત્યારે હોટકેકની જેમ ચર્ચાઈ રહ્યો છે. સોશ્યલ મિડિયા પર સુનિતા યાદવની તરફેણમાં પહેલા બે દિવસ દરમિયાન મળેલા અઢળક સમર્થન બાદ અચાનક સ્થિતિ તેની વિરુધ્ધમાં જવા લાગી છે અને સુનિતા યાદવના કિસ્સાને પબ્લિસીટી અથવા પોલિટિકલ સ્ટંટ ગણાવી પોસ્ટની સંખ્યા વધી રહી છે જે મુદ્દે નાગરિકોમાં ભારે ચર્ચા જગાવી છે. શહેરમાં પણ અનક નાગરિકો સુનિતા યાદવનું સમર્થન કરતા જોવા મળે છે જેની સામે એટલી જ સંખ્યામાં સુનિતા યાદવને વખોડતા પણ જોવા મળી રહ્યા છે. સુનિતા યાદવનો વિરોધ અચાનક વધવા પાછળ તેની વાઈરલ થયેલી અન્ય તસવીરો, તેના ઓડિયો જેમાં તેનો ઉપરી અધિકારી સાથે પણ તુમાખીભર્યું વર્તન હોવાનું નાગરિકો માની રહ્યા છે અને એક તબક્કે સહાનુભૂતિ પ્રાપ્ત કરનાર સુનિતા પર હવે રોષ ઠલવાઈ રહ્યો છે.

## રિક્ષાચાલકો નવા ડ્રેસકોડ સામે આંદોલન કરશે

મોટર વેહીકલ એકટ ૧૯૮૮,અને એમાં સુધારો કરી ,ગુજરાત મોટર વેહીકલ એકટ ૧૯૮૯ પ્રમાણે રિક્શા ચાલકો માટે આજે સરકારે ,વાદળી એપરોન યુનિફોર્મ તરીકે પહેરવા અંગે નોટીફીકેશન બાહર પાડેલ છે. સૈદ્ધાંતિક રીતે યુનિફોર્મ સ્વીકાર્ય છે.પણ આ નોટીફીકેશન બાહર પાડવાની ની પદ્ધતિ તેમજ સમય નો રિક્શા ચાલક સ્વાભિમાન અધિકાર આંદોલન ના તમામ ઘટક યુનિયનો વિરોધ કરે છે.હકીકતમાં રિક્શા ચાલકો ના મૂળ સવાલો માટે ચાલતા આંદોલન તોડવા આ સરકાર નો એકતરફી પગલાં ને વખોડી કાઢવા માં આવે છે.પહેલાં થી જ આર્થિક રીતે કફોડી હાલત માં મૂકાયા રિક્શા ચાલકો યુનિફોર્મ નો ખર્ચ કરી શકશે નહીં. કાયદા નો અમલ ફક્ત રિક્શા ચાલકો માટે કેમ? આ સંદર્ભે તા.૧૫ ૭ ૨૦ આવતી કાલે ૩.૦૦ વાગે વિવિધ યુનિયનો ના આગેવાનો ની અગત્ય ની મીટીંગ, મુખ્ય કન્વીનર શ્રી અશોક પંજાબી ના નેતૃત્વ માં મળશે.

# રાજયના રીક્ષા ચાલકોએ હવેથી યુનિફોર્મ પહેરવો પડશે

**સરકારના આદેશનો અમલ આ મહિનાથી કરાશે : તમામ રિક્ષાચાલકોએ યુનિફોર્મ તરીકે હવેથી કપડાંની ઉપર વાદળી કલરનું એપ્રોન ફરજિયાત પહેરવાનું રહેશે**

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યના વાહન વ્યવહાર વિભાગ તરફથી એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત રાજ્યના તમામ રિક્ષા ચાલકોએ યુનિફોર્મ તરીકે હવેથી કપડાંની ઉપર વાદળી કલરનું એપ્રોન પહેરવાનું રહેશે. રિક્ષા ચાલકોની ઓળખ માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારનું કહેવું છે કે, આ મામલે રિક્ષા ચાલકોના એસોસિએશન સાથે બેઠક કરવામાં આવી હતી. રિક્ષા ચાલકોની ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે આવો નિર્ણય કરવામાં આવ્યો છે. સરકાર તરફથી આ મામલે જાહેરનામું બહાર પાડ્યું છે. નોંધનીય છે કે ગુજરાતમાં રિક્ષા ચાલકો માટે કોઈ ડ્રેસ કે બેઝ નથી. જ્યારે અનેક રાજ્યમાં રિક્ષા ચાલકો માટે ખાસ ડ્રેસકોડ છે. તેમજ અનેક રાજ્યમાં રિક્ષા ચાલકો ડ્રેસની સાથે સાથે બેઝ પણ પહેરતા હોય છે. જેને ધ્યાનમાં રાખીને હવે ગુજરાત સરકારે રિક્ષા ચાલકોની ઓળખ પ્રસ્થાપિત થઈ શકે તે માટે વાદળી રંગનું એપ્રોન ફરજિયાત કર્યુ છે.

મહત્ત્વનું છે કે આ એપ્રોન સરકાર તરફથી નહીં આપવામાં આવે પરંતુ જે તે રિક્ષા ચાલકે જાતે જ ખરીદવું પડશે અથવા સીવડાવવું પડશે. એટલું જ નહીં આ જાહેરનામાનો અમલ આ મહિનાથી જ કરાવવામાં આવશે. રાજ્યમાં ઓટો રિક્ષા ડ્રાઈવર્સની સરળતાથી ઓળખાણ થાય તે હેતુસર મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ તથા ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ અંતર્ગત ઓટો રિક્ષા ડ્રાઈવર્સ માટે અલગથી યુનિફોર્મ નક્કી કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. તા.૧૬/૧૧/૨૦૧૯ના જાહેરનામાંથી ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં સુધારો કરી જાહેર પરિવહનના વાહનોના ડ્રાઈવરોએ યુનિફોર્મ પહેરવાનો રહેશે તે મુજબની જોગવાઇ કરવામાં આવેલ છે. જે અનુસંધાને ઓટો રિક્ષા ડ્રાઈવર્સનો યુનિફોર્મ નક્કી કરવા વિવિધ ઓટો રિક્ષા ડ્રાઈવર્સ એસોસિએશન સાથે બેઠક કરવામાં આવી હતી. વિવિધ બેઠકોમાં થયેલ ચર્ચા-વિચારણાના આધારે કાળજીપૂર્વકની પુખ્ત વિચારણાને અંતે સરકાર ઓટો રિક્ષા ડ્રાઈવર્સના યુનિફોર્મ સંબંધમાં નીચે મુજબ ઠરાવે છે. 'ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૧૯(૧) અન્વયે રાજ્યના ઓટો રિક્ષા ડ્રાઈવર માટે તેઓએ પહેરેલા કપડાની ઉપર વાદળી કલરના એપ્રોનને યુનિફોર્મ તરીકે આથી નક્કી કરવામાં આવે છે.'


**INDIAN INSTITUTE OF TEACHER EDUCATION**

Ramkrishna Paramhans Education Complex, Nr. Mahatma Mandir, 'KH'-5, Sector-15, Gandhinagar. Phone : 079-23243733

**Inviting Quotaion for the Annual Maintenance Contract of Computers, Laptops, Printers, Copier, iPad, CCTV, Projectors and scanners at IITE, Gandhinagar**

આઈ.આઈ.ટી.ઈ. ખાતે Computers, Laptops, Printers, Copier, iPad, CCTV, Projectors and scanners જેવા આઈટીના સાધનો માટે Annual Maintenance Contract કરવાનો થાય છે. તે માટે રસ ધરાવતી એજન્સીઓ પાસેથી બંધ કવરમાં ભાવપત્રક આમંત્રિત કરવામાં આવે છે. આ અંગેની વધુ માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ www.iite.ac.in ઉપરથી મળી શકશે.

**સ્થળ : ગાંધીનગર** **કુલસચિવ**
**તારીખ : ૧૩/૭/૨૦૨૦** **આઈ.આઈ.ટી.ઈ.**
માહિતી/૪૫૦/૨૧૦-૨૧



**નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**જાહેર નિવિદા નં.૦૬ સને ૨૦૨૦-૨૧**

કાર્યપાલક ઈજનેરશ્રી, સુજલામ સુફલામ સ્પ્રેડીંગ ચેનલ વિભાગ નં.૧, દુર્ગા ઓઈલ મીલ પાછળ, સિંચાઈ ભવન, છાપરીયા રોડ, હિંમતનગર. પીન નં. ૩૮૩૦૦૧. ટેલીફોન નંબર. ૦૨૭૭૨-૨૪૬૬૭૧ તરફથી કામના નામ : (૧) જંગલ ક્લીયરસ બીટવીન ચે. ૬૧.૨૮૦ કી.મી. ટુ ચે. ૬૯.૮૦૦ કી.મી. ઓફ સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ. અંદાજીત કિંમત રૂ. ૨.૮૯ લાખ, (૨) રીસ્ટોરેશન વર્ક ફોર બોક્સ પાઈપ વીઆરબી) અન્ડરપાસ (એટ ચે. ૭૩.૪૮૦ કી.મી. ઓફ સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ વર્ષ ૨૦૨૦-૨૧ અંદાજીત કિંમત રૂ. ૩.૩૪ લાખ ઉપરોક્ત કામોના ટેન્ડર ઈ-૨ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૨૦/૭/૨૦૨૦, ૧૬.૦૦ કલાક સુધીની છે. જ્યારે ભાવો ભરેલા ટેન્ડરો આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા. ૨૭/૭૨૦૨૦, ૧૮.૦૦ કલાક સુધી છે. તથા ટેન્ડરો ખોલવાની તા. ૨૮/૭/૨૦૨૦, ૧૨.૦૦ કલાક છે. જેની વિગતવાર માહિતી www.statetenders.com એથી મળી શકશે. ખાસ નોંધ : આ કામગીરી ચોમાસા પહેલા પૂર્ણ કરવાની હોવાથી ઈજારદારશ્રીએ સ્થળ મુલાકાત લઈ સ્થળ સ્થિતિને ધ્યાને લઈ તે મુજબ ભાવો ભરવાના રહેશે.

**નામાનિ/હિંમત/૧૨૯/૨૦૨૦**






"Learning new skills is so important because it ensures that you stay employable in today's world" -

Shri Nitinbhai Patel, Hon'ble Deputy Chief Minister of Gujarat

"We are committed to achieving Prime Minister Narendra Modi's dream of Skill India and Make in India" -

Shri Dilipkumar Thakore
Hon'ble Minister, Labour and Employment, Disaster Management, Devsthan, Pilgrimage Development, Gujarat

**National Skill Summit**

The summit envisions to address the challenges of unemployment and generating ideas to ensure gainful and sustainable employment to the youth through deliberations on diverse issues post Covid such as Skill development policies & frameworks for New-age Skills, Disruption by new-age technologies, global and national innovations, best practices & lessons learnt, Career Counseling, global labour markets, Apprenticeship, etc.

| Highlights of the Summit | |
|---|---|
| 'Skill Development post Covid 19: Policy and Implementation Framework'. | |
| 02:30 - 03:15 | Pre Inaugural Panel Discussion |
| 03:30 - 04:20 | Inaugural Session Chaired by Shri Vijay Rupani, Hon'ble Chief Minister of Gujarat<br>Launch of PROJECT SANKALP based on 'for the industry, by the industry, in the industry' concept |
| 04:30 - 05:15 | Panel Discussion |

Department of Labour & Employment, Government of Gujarat in association with Elets Technomedia, are organizing National Skill Summit Gujarat on 15th July 2020 on Digital Platform.

To join as a Training Provider under Project SANKALP, kindly register on: http://skillsgujarat.org

https://skill.eletsonline.com/